ગાંધીનગર સમાચાર

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ બદલાય તેવી શકયતા

@ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૩૦ કલાક દરમિયાન નિરાજન જયોતિના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન કસુંબી ઘટાના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે રંગબેરંગી મોતીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે કિશોરભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૫૭, સે-૩-ડી ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે અશોકભાઈ પંડયાના નિવાસસ્થાન બ્લોક નં, ૧૧૫/૧ છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાંઆવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સુમનભાઈ શુકલાના નિવાસસ્થાન ૭૩૪/૧, કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ લીલા મેવા-ફ્રુટના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સવારે ૭.૦૦ કલાકે સ્મિતાબેન અનિલભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૮૮/૨, સે-૨-એ ખાતે રૂદ્રપૂજા કરાશે.

● વિસનગરા નાગર પરિવાર દ્વારા સોમવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે કમલેશભાઈ અને સનતભાઈ વાસુદેવભાઈ પંડયાના નિવાસસ્થાન ૪૫૫, ગોકુળ સોસાયટી, સે-૮ ખાતે શિવ મહિમ્ન સ્તોત્ર તથા શિવ પૂજા યોજાશે.

# શહેરમાં સમાવિષ્ટ ફતેપુરા ગામ ગંદકીથી સબડે છે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ સ્થિત ફતેપુરા ગામ વિકાસથી વંચિત રહેવા પામ્યું છે. શહેરમાં સમાવિષ્ઠ હોવા છતા પાયાની સુવિધાથી ગામમાં ઉપ્લબ્ધ થઈ શકી નથી. ચોમાસાની સિઝનમાં ગ્રામજનોની હાલત કફોળી બની જાય છે. એકબાજુ ખદબદતી ગંદકી અને મચ્છરોના ત્રાસ વચ્ચે રાતવાસો કરવાની ગ્રામવાસીઓને ફરજ પડી રહી છે. ફતેપુરામાં વસતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. તંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરાય અને ગામમાંથી ગંદકી દુર થાય અને ફરીવાર સ્વચ્છ અને સુંદર ગામ બની રહે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

અત્યારે હાલ વરસાદી રૂતુમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાએ માથું ઉચકયું છે. શહેરની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. તંત્ર દ્વારા ગંદકીવાળા સ્થળો પર સર્વે કરીને સફાઈ કરાવીને ચોખ્ખુચણક કરાવી દેવામાં આવે છે. ત્યારે ચોમાસાની સિઝનમાં વરસાદી પાણી ભરાવાને પગલે ફતેપુરાગામ ગંદકીથી ખદબદે છે. ફતેપુરાગામમાં જવાના માર્ગો પર ઠેરઠેર પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. ગામની આસપાસની જગ્યામાં પણ અતિશય ગંદકી ફેલાયેલી છે. સફાઈના અભાવે ગામ શહેરમાં હોવા છતા ગંદકીનો સામનો કરી રહ્યું છે. સ્ટ્રીટ લાઈટ, રસ્તા, પાણી, ગટર, દબાણ સહિતના પ્રશ્નો ગામવાસીઓને સતાવી રહ્યા છે. વરસાદી સિઝનમાં મચ્છરોના ત્રાસથી ગ્રામજનો ઉંઘી પણ શકતા નથી. ગામવાસીઓના આરોગ્ય પર ખતરો ઝંળુબી રહ્યો છે. ગાંધીનગરના નિર્માણમાં પોતાની મહામુલી જમીન આપનાર ખેડુતોના પરિવારોની આ અવદશા છે. તંત્ર દ્વારા સત્વરે સફાઈ કરાવવામાં આવે તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. ગામની ચારેબાજુ માર્ગો પર ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. અત્યારે હાલ તો ખદબદતી ગંદકી વચ્ચે રહેવા ગામવાસીઓ મજબુર બન્યા છે. સ્માર્ટ સીટીની સુફીયાણી વાતો કરતું તંત્ર શહેરની સાથે સાથે શહેરમાં સમાવાયેલા ગામોને પણ સ્માર્ટ ગામડા બનાવી દે તો પણ ઘણું છે...





# સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ બદલાય તેવી શકયતા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ બદલાય તેવી શકયતાઓ છે. છેલ્લા એક વર્ષથી વધુ સમયથી ચાર્જમાં સુપ્રિટેન્ડન્ટ હોવાથી મેડીકલ સોસાયટી દ્વારા આ જગ્યા પર કાયમી અધિકારીની નિમણુંક કરવામાં આવે તેવી સંભાવના સેવાઈ રહી છે. જયારે તબિબિ અધિક્ષક તરીકેની રેસમાં બે સિનિયર મહિલા અધિકારીઓનું નામ પણ ચર્ચાઈ રહ્યું છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં દર્દીઓને ભારે ધસારો જોવા મળે છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા છેલ્લા એક વર્ષથી ચાર્જમાં ચાલી રહી છે. ગાયનેક વિભાગના હેડ ડો. બિપિન નાયક જવાબદારી સંભાળી રહ્યા છે. ત્યારે આગામી ટુંક સમયમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટની જગ્યા પર કાયમી નિમણુંક સોસાયટી દ્વારા કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ગાઈડ લાઈન પ્રમાણે એક અધિકારી એક જ હોદા પર ફરજ બજાવી શકે તેમ હોવાથી આ ફેરફાર કરવામાં આવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. અત્યારે હાલ તો હોસ્પિટલમાં ફરજ બજાવી રહેલા બે સિનિયર મહિલા અધિકારીઓ તબિબિ અધિક્ષકની રેસમાં છે. જેમાં સર્જરી વિભાગના હેડ નિયતિબેન લાખાણી અને એનેથેસીયા વિભાગના હેડ શોભનાબેન ગુપ્તાનું નામ અગ્રેસર છે. ત્યારે સિવિલ સુપ્રિટેન્ડન્ટની કાયમી ભરતી નજીકના ભવિષ્યમાં કરવામાં આવે તેવી શકયતાઓ પ્રબળ બની છે.





સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સાબરકાંઠા ઝોનના એજીએમ બળદેવભાઈ પટેલના આયોજનથી મોડાસાની ટીંટોઈ શાખા તરફથી શાળા આરોગ્ય કાર્યક્રમ શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા યોજવામાં આવ્યો હતો.

ટીંટોઈ પાસેની વાંદયોલ પ્રા. શાળા, ઉચ્ચતર બુનિયાદી આશ્રમ શાળા તથા બ્રહ્મપુરીના ૪૮૦ બાળકોને તપાસી દવા આપવામાં આવી હતી. ગાંધીનગરના ડૉ.ચીતાણીયા સાહેબ તથા ડૉ. બોઘાણી સાહેબે સેવા આપી હતી. ૨૨૦ વિદ્યાર્થીને બોલપેન તથા બ્રહ્મપુરીમાં બાળકોને નાસ્તો કરાવ્યો હતો. શાખાના મેનેજર વાળંદ સાહેબ ઉપસ્થિત હતા. આ ઉપરાંત પીપળના ૨૦ છોડ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા. ચાર છોડ શાળામાં રોપાયા હતા. પંચાલભાઈ, ગામેતી તથા મિલન્દભાઈ સમગ્ર આયોજનમાં સામેલ થયા હતા.

## મધુરી મનસુખલાલ વસા શાળામાં નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર કેળવણી મંડળ-કોબા સંચાલિત મધુરી મનસુખલાલ વસા શાળા ખાતે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓમાં રહેલી આંતરીક શકિતઓને ખીલવવા અનેકવિધ સ્પર્ધાઓનું આયોજન કરાય છે. આ વખતે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ નિબંધ સ્પર્ધામાં ધોરણ-પમાં પ્રથમ ક્રમાંકે રોહિત વણજારા, દ્વિતીય ક્રમાંકે પૃષ્ટિ પટેલ, ધોરણ-૬માં પ્રથમ ક્રમાંકે ધૈર્યરાજ રાઠોડ, દ્વિતિય ક્રમાંકે ક્રિશ્ના મહેતા વિજેતા બન્યા હતા. તેમજ ધોરણ-૭માં પ્રથમ ક્રમાંકે હેતલ કલાલ, દ્વિતિય ક્રમાંકે ધ્રુવિ પ્રજાપતિ અને ધોરણ-૮માં પ્રથમ ક્રમાંકે રોહિણી મેરૈયા, દ્વિતીય ક્રમાંકે નિધિ પટેલ વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર અને સિધ્ધિ પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

વાતવાતમાં

● મુખ્યમંત્રી શપથવિધિ સમારોહ માટે મહાત્મા મંદિરે આરોગ્ય વિભાગ દ્વારા સાત ઈમર્જન્સી ટીમો ખડે પગે તૈનાત રખાઈ હતી. આ ટીમોમાં પાંચ ગાંધીનગરની અને બે દહેગામ તથા કલોલની ટીમોનો સમાવેશ થતો હતો.

● મહાત્મા મંદિરે યોજાયેલ શપથવિધિ સમારોહના પગલે શહેરમાં અનેક સ્થળે ટ્રાફિક જામના દ્દશ્યો સર્જાયા હતા. સરગાસણ ચાર રસ્તા પાસે સર્જાયેલા ટ્રાફિકમાં રખેવાળ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો જ કાફલો અટવાયો હતો.

● મહાત્મા મંદિરે શપથવિધિ સમારોહમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉમટી પડયા હતા અને જાણે કોઈ મોટી ઉપલબ્ધિ મેળવી હોય તેવો રોફ ઝાડતા જોવા મળ્યા હતા. સમારોહમાં મિડિયા ગેલેરીમાં પણ ઘુસી આવેલા આ કાર્યકરોએ માહિતી ખાતાના એક અધિકારીને 'આ તો અમારો કાર્યક્રમ છે' તેવી દલીલો કરી હતી.

● શહેરમાં દિવસ દરમિયાન ફરી એકવાર આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું. જો કે ધોધમાર વરસાદની આશાને ઠગારી પાડી પરંતુ ખેતીને લાભ થાય તેવો ધીમો ધીમો વરસાદ થોડી થોડી વારે આવતો રહ્યો હતો.

# દહેગામ-રખિયાલ રોડ પર થયેલ લુંટનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૭

અઠવાડિયા અગાઉ દહેગામ-રખિયાલ માર્ગ પરથીડ લુ લઈને માલ સામાન ખરીદવા અમદાવાદ જઈ રહેલા ધનસુરાના શાકભાજીના વેપારીને ચપ્પાની અણીએ લુંટી લેવાયા હતા. રૂ. ૩ લાખ રોકડા તથા મોબાઈલની લુંટ કરી છ શખ્સો ફરાર થઈ ગયા હતા આ ગેંગને ગાંધીનગર આરઆરસેલની ટીમે દબોચી લીધી છે. લુંટમાં ગયેલા એક મોબાઈલ અને રૂ. ૨૦ હજાર રોકડા સાથે પાંચેયની ધરપકડ કરી ફરાર અન્ય એક સાગરીતની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

રખિયાલ-દહેગામ માર્ગ પર રાત્રે સવા દશ વાગ્યાના અરસામાં ધનસુરાના વેપારીને ઉભો રખાવી ઈકો ગાડીમાં આવેલા છ શખ્સોએ ગળે ચપ્પુ મુકી લુંટી લીધો હતો. રૂ. ૩ લાખ રોકડા તથા મોબાઈલની આ લુંટ અંગે રખિયાલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ગાંધીનગર રેન્જ આઈજીપી મનોજ શશીધરની સુચનાથી આર.આર. સેલના પી.આઈ. ડી.પી. ચુડાસમા તથા તેમની ટીમે ગણતરીના દિવસોમાં શાહઆલમ અમદાવાદ તથા મુળ રાજસ્થાનના પાંચ લુંટારુ શખ્સોને પકડી પાડયા છે. અમદાવાદ-ગાંધીનગરમાં રહીને મજુરી કરતા પાંચેય શખ્સોને લુંટમાં ગયેલા મોબાઈલ તથા અન્ય છ મોબાઈલ ઉપરાંત રોકડ રૂ. ૨૦ હજાર અને લુંટ કરવા વપરાયેલા ચપ્પા સાથે પકડી ધરપકડ કરી લેવામાં આવી છે. દાણી લીમડાના શહેબાઝ ઉર્ફે શાબાઝ અબ્દુલરશીદ શેખ, છારાનગરના રમેશરામ ઉર્ફે રામો કેવારામ રબારી, માણેકચોક રહેતા અર્જુનરામ ધનાજી પ્રજાપતિ, દાણી લીમડાના ઈમરાન ઉર્ફે ભઠીયારા કાલુ પઠાણ અને ગણેશ સમરતાજી રબારીની ધરપકડ કરવામાં આવી છે. તે ઉપરાંત ઈકો ગાડી લઈને આવેલો છઠ્ઠો સહ આરોપી રૂપેશ ચૌધરી હજુ સુધી મળી આવ્યો નથી. તેની શોધખોળ ચાલી રહી છે. ઈમરાન ઉર્ફે ભઠીયારાને અગાઉ વાહન ચોરી તથા લુંટના ગુનામાં અમદાવાદ શહેર પોલીસે પકડેલો છે.

**ધનસુરાના શાકભાજીના વેપારીને ચપ્પાની અણીએ લુંટી લેવાયો હતો : આર.આર. સેલે પાંચ લૂંટારૂંઓને દબોચી લીધા : હજુ એક ફરાર**

## શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ દ્વારા ૨૨મો આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ-૨૦૧૬નો કાર્યક્રમ યોજાશે

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૯ ઓગષ્ટને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સે-૧૨, ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે ૨૨મો આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ-૨૦૧૬ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વનો આદિવાસી સમુદાય, સ્વના ઉત્થાન અને મળેલ માનવીય અધિકારોના રક્ષણ માટેની જોગવાઈઓ અને પ્રશ્નોથી અવગત થઈ પોતાના અસ્તિત્વ માટે જાગૃત રહી કટિબધ્ધ થાય તે માટે વિશ્વમાં ૯મી ઓગષ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આ ઉજવણીના ભાગરૂપે ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટના નેજા હેઠળ ડુંગરી ગરાસિયા એકેડેમી ફોર કેરિયર એન્ડ એજયુકેશન ટ્રેનીંગના તાલીમવર્ગની યુવાશકિતને સાથે રાખી સૌ પ્રથમવાર ગુજરાત રાજયના પાટનગર એવા ગાંધીનગર શહેરમાં આદિવાસી સમાજના અગ્રણી ભાઈઓ, બહેનો, યુવાનો તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિશ્વ 'આદિવાસી દિવસ'ની ઉજવણીનું આયોજન કરાયું છે.

# શહેરમાં ત્રણ યુવતિઓએ ફ્રેન્ડશીપની સર્જી નવી વ્યાખ્યા

**ત્રણેય અત્યંત બૌધ્ધિક પ્રતિભા ધરાવતી ફ્રેન્ડસમાં એક પ્રજ્ઞાચક્ષુ : એક બીજા વગર જીવન અધુરું માનતી ત્રણેની દોસ્તીની સંક્ષિપ્ત દાસ્તાન**



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૭

નામ એનું ઝરણા મહેશ્વરી, વતન ઉત્તર ગુજરાતનું પાલનપુર, જન્મથી દ્દષ્ટિ અત્યંત નબળી જે પણ દસ વર્ષની ઉંમર થતા સુધીમાં તો સંપૂર્ણ પણે જતી રહી. આમ છતાં વ્યવસાયે તબીબ પિતાને દિકરી અંધશાળામાં ભણે તે મંજુર નહોતુ એટલે સામાન્ય સ્કૂલમાં શાળાના શિક્ષકો અને સંચાલકોનો વિરોધ છતાં 'જીદ' કરીને એડમિશન અપાવ્યું. દિકરીની માતા શાળામાં સાથે જાય અને બોર્ડ પર લખેલું વાંચી સંભળાવે, પુસ્તકો વાંચી સંભળાવે દિકરી પણ એટલી હોંશિયાર નીકળી કે શાળાના તમામ નોર્મલ વિદ્યાર્થીઓને પાછળ પાડીને દસમા બારમાની બોર્ડની પરીક્ષામાં રેન્ક પ્રાપ્ત કર્યો. કોલેજમાં પણ બીએમાં યુનિ. ફર્સ્ટ આવી, ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો પણ તેની સફર આટલેથી અટકે તેમ તો હતી નહીં. એમ.એ.કરવા એડમિશન લીધું વલ્લભ વિદ્યાનગર જયાં તેની મુલાકાત થઈ બે બહેનપણીઓ સાથે જેઓ એકબીજાની રૂમ પાર્ટનર હતી.

દક્ષિણ ગુજરાતના નવસારીની દિવ્યા શાહ નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી હતી. સ્વભાવે ખૂબ જ લાગણીશીલ અને કવિ હૃદય દિવ્યા એમ.એસ. યુનિ.માં અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરવા આવી હતી. ભલે નાના શહેરમાંથી આવતી હતી પરંતુ યુનિ.ના કલ્ચરને સેટ થઈ જાય તેટલી મોર્ડન હતી. જયારે મધ્ય ગુજરાતના આદિવાસી વિસ્તારના દેદિયાપાડાથી આવેલી રોશની પટેલ સંપૂર્ણ પણે શહેરી સંસ્કૃતિ અને તેની રીતભાતથી અજાણ હતી. બારમા ધોરણની બોર્ડની પરીક્ષામાં જિલ્લામાં બીજો નંબર પ્રાપ્ત કરનાર રોશની એ અત્યંત સામાન્ય પરીવારમાં પિતાને બે ભાઈઓના અભ્યાસનો બોજ ઉઠાવતા જોઈ પોતાના પિતાએ પસંદ કરેલ અભ્યાસ શાખામાં રસ ના હોવા છતાં ચુપચાપ એડમિશન લઈ લીધું હતું. હવે અહીં આવી ગયા પછી યુનિવર્સિટીના માહોલને અને પોતાના ગામઠી પહેરવેશ તથા રીતભાતને કારણે એને એવું લાગ્યું કે તે 'સેટ' નહીં થઈ શકે. રોજ એસટીડી પીસીઓ પર જઈ માતાને ફોન કરી રડવાનો નિત્યક્રમ થઈ ગયો હતો કારણ કે તેને કોઈ રૂમ પાર્ટનર બનાવવા તૈયાર નહોતું અને જે રૂમમાં રહેતી તેઓ વાત સુધ્ધાં પણ નહોતા કરતા.



રવિવારે પણ સ્ટડી રૂમમાં બેઠી રડતી રોશનીને જોઈ દિવ્યાએ તેને પૂછયું શું થયું ત્યારે તેને પરિસ્થિતિની ખબર પડી. લગભગ ગામડે પરત ફરવાનું મન બનાવીને બેઠેલી રોશનીને તેણે કહ્યું, 'તું આજથી મારા રૂમમાં મારી સાથે સૂઈ જજે.' બસ આ શબ્દોથી બંનેની દોસ્તીનો પ્રારંભ થયો અને રોશનીને જાણે નવજીવન મળ્યું. ગ્રેજયુએશન પતાવી બંને પોસ્ટ ગ્રેજ્યુએશન માટે વલ્લભ વિદ્યાનગર સાથે જ એડમિશન લીધું અને હોસ્ટેલમાં રૂમ પાર્ટનર થવું તે તો પહેલેથી જ નક્કી હતું. અહીં બંને સાથે કોલેજમાં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ ઝરણા સાથે કયારે મિત્રતા થઈ ગઈ તે ખબર જ ના પડી અને ત્રણેય બહેનપણીઓ સાથે જ રહેવા લાગી.

જેમ જેમ અભ્યાસ આગળ ચાલતો ગયો તેમ તેમ કોમન સબ્જેકટના કારણે ત્રણેની મિત્રતા ગાઢ બનતી ગઈ અને અંતે પોસ્ટ ગ્રેજયુએશન પત્યા પછી એમ.ફીલ. કરવા માટે ત્રણેયે ગાંધીનગરની સેન્ટ્રલ યુનિ. પર પસંદગી ઢોળી. અહીં ઝરણા અને રોશનીને તો એડમિશન મળી ગયુ પરંતુ દિવ્યાને એડમિશનનું કન્ફર્મ ના થતા રોશનીએ સંચાલકોને કહી દીધું કે 'જો દિવ્યાને એડમિશન નહીં મળે તો હું પણ છોડી દઈશ.' જયાં પ્રવેશ મેળવવા બધા વિદ્યાર્થી તલપાપડ હોય ત્યાં એક મિત્રને કારણે એડમિશન છોડવા તૈયાર છોકરીને જોઈ સંચાલકો પણ અચંબામાં પડી ગયા હતા. છેવટે દિવ્યાને એડમિશન મળ્યું ત્યારે જ તેમને હાશકારો થયો. બસ પછી તો સે-૩૦માં રૂમ રાખીને ત્રણેય સાથે રહેવા લાગી અને દોસ્તીની એક નવી મિસાલ ઉભી થઈ.

ઝરણાએ નેટની પરીક્ષા જેમાં સાત થી આઠ ટકા માંડ પરીણામ આવે તે પહેલા ટ્રાયલમાં પાસ કરી. રોશની અભ્યાસમાં ખુબ મહેનતુ, તેની તૈયાર કરેલી નોટસ દિવ્યાને કામ લાગે. દિવ્યા કવિતા લખે પણ કોઈને બતાવે નહી તેવી. રોશનીએ તેને યુનિ.ની સ્પર્ધામાં કવિતા મોકલવા પ્રેરિત કરી અને દિવ્યાને ચોમેરથી પ્રસંશા પ્રાપ્ત થઈ. ઝરણાના જન્મદિને દિવ્યા અને રોશની સરપ્રાઈઝ આપવા પ્રેસ્ટી લઈ આવ્યા હતા. ત્રણેય પીએચડી કરવા સંશોધન પેપર તૈયાર કરવા લાગ્યા ત્યારે ઝરણાને ગાઈડ પાસે લઈને જતી રોશની બે કલાક બહાર કંટાળ્યા વગર રાહ જોતી બેસી રહે. પોતાનું ખાનુ લઘરવઘર રાખવા ટેવાયેલી દિવ્યાનું ખાનું વ્યવસ્થિત ગોઠવાયેલું હોય એટલે એને ખબર પડી જાય કે ઝરણાએ જ આ કામ કર્યું છે. ઝરણાને યુનિ.માં જ આસિસ્ટન્ટ પ્રોફેસરની જોબ પણ મળી ગઈ એટલે તે ફેકલ્ટી બની ગઈ પરંતુ થીસીસના કારણે સ્ટુડન્ટ પણ હતી. ત્રણેયે પોતપોતાનું પેપર સબમીટ કર્યું તેમાં પણ દિવ્યાનું ફાઈનલ સબમીશન ના થતા બાકીની બે એ જયાં સુધી તે કન્ફર્મ ના થયું ત્યાં સુધી સેલિબ્રેશન ના કર્યું. અત્યારે પીએચડીની ડિગ્રીની રાહ જોતી હોવા સાથે ઝરણા અને રોશની ફ્રેન્ચ ડિપ્લોમાં પણ કરી રહી છે. બંને બહેનપણીઓ સાથે લોકલ બસમાં ધક્કામુક્કી વચ્ચે પણ ફરતી ઝરણાએ મ્યુઝિક, સ્વીમીંગ, ડાન્સીંગ અને નવરાત્રિમાં ગરબા પણ કર્યા. ઝરણા વગર તો ખરીદી થઈ જ ના શકે કારણ કે મટીરીયલ કેવું તે તેને જ ખબર પડે. આવી તો અનેક ઘટનાઓમાં એકમેકના પડખે રહેલી ત્રણેય બહેનપણીઓ જાણે ખોળિયા જુદા અને આત્મા એક હોય તેવી બની ગઈ છે. જયારે પણ ઝરણાનો હાથ પકડી તેઓ રસ્તા પર જતા હોય ત્યારે તેમને જોનારા એમ સમજે છે કે આ બંનેએ પ્રજ્ઞાચક્ષુ ઝરણાનો હાથ પકડયો છે. પરંતુ રોશની- દિવ્યા માને છે કે ઝરણાએ અમારો હાથ પકડયો છે. એટલે અમે આટલા આત્મવિશ્વાસથી ચાલી શકીએ છીએ.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## નભોઈ મર્ડર કેસમાં પાંચ માસ થયા પણ મૃતકની હજુ ઓળખ થઈ નથી

**મોં પર પથ્થરો મારીને નભોઈ પાસે નદી કાંઠે હત્યા કરી મૃતદેહ ફેંકી દેવાયો હતો**

ગાંધીનગર, તા.૭

પાંચ મહિના પહેલા પથ્થરના ઘા ઝીકીને એક યુવાનની નભોઈ પાસે નદીના પુલ નજીક કરપીણ હત્યા કરી દેવાઈ હતી. નરોડા પોલીસે ૧૧ દિવસ તપાસ કર્યા બાદ ગુનાની હદ ઈન્ફોસીટી પોલીસની હોવાનું કારણ દર્શાવી ઈન્ફોસીટી પોલીસને તપાસ સોંપી હતી. પાંચ મહિના બાદ હત્યારા તો ઠીક પરંતુ જેનું મર્ડર થયું તે મૃતકની પણ ઓળખ પોલીસ કરી નથી શકી. ઈન્ફોસીટી પોલીસે તાજેતરમાં આ કેસમાં ફાઈનલ ભર્યુ છે.

નભોઈ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી ૧૩ માર્ચના દિવસે શ્રમિક જેવા દેખાતા યુવાનનો હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. નરોડા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કર્યા બાદ ૧૧ દિવસે આ ગુનાની હદ ગાંધીનગર જિલ્લાના ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હોવાનું કારણ દર્શાવી ગુનો ઝીરો નંબરથી ઈન્ફોસીટી પોલીસને ટ્રાન્સફર કર્યો હતો. ઈફોસીટી પોલીસે ગુનાની તપાસ શરૂ કરી એક ડોલચુ શંકાસ્પદ હાલતમાં ત્યાંથી મળ્યું પરંતુ તે આધારે પણ મૃતક કે હત્યારા સુધી પહોંચવા પોલીસને સફળતા ન મળી. આ હત્યા પથ્થરોના ઘા મારીને થઈ હતી. રાજકોટના સ્ટોન કીલરને પકડયા બાદ તે આરોપી નભોઈ પાસે આવ્યો હતો કે કેમ? તે દિશામાં પણ તપાસ કરાઈ પરંતુ તેમાં પણ નિષ્ફળતા સાંપડી હતી. પાંચ મહિના થઈ ગયા હોવા છતાં આ હત્યાના ગુનાના આરોપી તો ઠીક પરંતુ મૃતકની ઓળખ પણ ઈન્ફોસીટી પોલીસ કરી શકી નથી. આ પ્રકરણમાં પોલીસે ફાઈનલ પણ ભરી દીધું હોવાનુ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. રેવાબેન ગાંડાજી જાદવ, ઉ.વ. ૮૦
- સ્વ. તનુબેન હમીરભાઈ બાવડા, ઉ.વ. ૯૨
- સ્વ. મારવાડી લક્ષ્મણજી પદમાજી, ઉ.વ. ૬૦
- સ્વ. પ્રહલાદજી સોમાજી ઝાલા, ઉ.વ. ૬૦
- સ્વ. ઠાકોર જીવીબેન મણાજી, ઉ.વ. ૭૯
- સ્વ. ઠાકોર પૂંજાજી ધુળાજી, ઉ.વ. ૭૨